જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૮/૨૦૧૮ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૦ લીટર દેશી દારૂ, ૧૩૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૦૧ કાર, ૦૧ રીક્ષા અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૯,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બિનવારસી નવજાત મૃત શીશુ (ભ્રુણ) મળી આવ્યુ :** **સમાચાર યાદી નં.૧૫૧૧/૧૮**

**નિકોલ** : તા.૦૬/૦૮/૨૦૧૮ ના કલાક ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે નિકોલ લીલાનગર ધર્મરાજ સ્કુલ ની પાસે પુના મામા ની ચાલી ખાતે આવેલ ગટર લાઇનમાંથી એક નવજાત મૃત શીશુ (ભ્રુણ) બિનવારસી ત્યજી દિધેલ હાલતમાં મળી આવ્યુ છે. આ અંગે નિકોલ પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની પો.સ.ઈ.શ્રી એન.એન.શર્મા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૨/૧૮**

**ઓઢવ** : નરેન્દ્રસિંહ ભગીરથસિંહ પરીહાર (રહે,માધવ એપાર્ટમેન્ટ નિગમ સોસાયટી રોડ ઘોડાસર મણીનગર) એ તા.૬/૮/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) રાજુભાઇ આનંદભાઇ શાહ (રહે, શ્રીનાથ સોસાયટી લાંભા) અને (૨) અતુલકુમાર (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) ભેગામળી આરોપીઓની ઓઢવ જય કેમિકલ કંપનીની બાજુમાં આવેલ “અવિનાશ કાર્ગો પ્રા.લી.” નામની ટ્રાંસ્પોર્ટ કંપની ખાતેથી નરેન્દ્રસિંહના પાંચ બેરલ “ફેરોમીલી” માંથી એક બેરલ “ફેરોમીલી” (મેટલ) વજન ૧૦૦ કિલો કિંમત રૂપિયા ૧,૩૮,૬૫૦/- મતાનું મહારાષ્ટ્ર સતારા ખાતે આવેલ મુથ્થા ફાઉંડર્સ કંપનીમાં નહી મોકલી નરેન્દ્રસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૧૩/૧૮**

**ચાંદખેડા** : મિતેષભાઇ પૂનમચંદ પટેલ (ઉ.વ.૪૦)(રહે,પાયનેપલ બંગ્લોઝ, શ્રીરંગ સીટી સોસાયટી, ટી.પી.૪૪ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૮/૧૮ રાતના ૧૦/૧૫ થી તા.૬/૮/૧૮ ના કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું લોક તોડી, ત્રણ અજાણ્યા ઇસમો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) મિતેષભાઇના ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોનાના પાટલા કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૬,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૫૧૪/૧૮**

**કૃષ્ણનગર** : દિનેશભાઇ ત્રીકમદાસ પટેલ (ઉ.વ.૫૫)(રહે,રંગસાગર સોસાયટી, અંકુર સ્કુલની સામે, સરદારચોક) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૮/૧૮ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે બે અજાણ્યા ઇસમો (૪૫ વર્ષના આશરાના) ભેગામળી અંક્રસુલની સામે સરદારચોક ખાતે આવેલ દિનેશભાઇની "રામદેવ અમુલ પાર્લર" ખાતે આવી, દિનેશભાઇ પાસે ખાખરા ભરવા માટે પુંઠા નુ ખાલી બોક્સ માંગતા, દિનેશભાઇ દુકાનની અંદર પુઠ્ઠાનું ખાલી બોક્સ શોધવા ગયા હતા તે દરમ્યાન કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩૬,૬૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.દવેરા ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૫૧૫/૧૮**

**શહેરકોટડા** : જોગેન્દ્રભાઇ મનુસિંહ રાઠોડ (ઉ.વ.૨૫)(રહે,આનંદ સર્જીકલની બાજુમાં મેમ્કો) તા.૬/૮/૧૮ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે ઘરની પાણીની મોટર ચાલુ કરવા જતા, પોતાના પગ ઉઘાડા હોય તે પગ પાણીને અડતા પાણીની મોટરનો અર્થીંગ હોઇ, એકદમ ઇલેક્ટ્રીક કરંટ લાગતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા, ફરજ પરના ડૉ.શ્રી એ કલાક ૮/૪૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઇશ્વરભાઇ સોમાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૫૧૬/૧૮**

**શહેરકોટડા** : સુમન સિતારામ યાદવ (ઉ.વ.૨૮)(રહે,અનિલ વકીલ ની ચાલી હનુમાન મંદીર પાસે) એ અગમ્ય કારણસર તા.૬/૮/૧૮ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાડેલ હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.ચૌહાણ ચલાવે છે.

**નિકોલ** : સ્મીરેન હિરેનભાઇ પટેલ (ઉ.વ.૨૦)(રહે,દિવ્યજીવન એલીગંસ સત્યાગ્રહ બંગ્લોઝ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૫/૮/૧૮ સાંજના ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર ડાહયાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.